# તહેવારો અને વેકેશનમાં વાલીની બાળક પ્રત્યેની ફરજ

તહેવારો એ તો સંસ્કાર અને સંસ્કૃતિનું પ્રતીક છે. જે તે સમાજ તેના સંસ્કાર અને સંસ્કૃતિને આધારે જીવી રહયાં છે. આ સંસ્કાર અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવું તે દરેક સામાજિક સભ્યોની માત્ર ફરજ જ નહીં જવાબદારી પણ છે. સમયાંતરે આવતા તહેવારો ખૂબ જ તાર્કિક પણ છે. જેનું અનેરું મહત્ત્વ છે. જેના થકી સમાજમાં મૂલ્યો ટકી રહ્યાં છે, જેના થકી એક માનવ બીજા માનવની સાથે રહી શકે છે, બેસી શકે છે, બોલી શકે છે અને અન્ય વ્યવહાર કરી શકે છે. જે સમાજને પોતાના ચોક્કસ મૂલ્યો હોતા નથી તે સમાજ લાંબું જીવી-ટકી શકતો નથી. તહેવારો, સંસ્કૃતિમાં ક્યારેક અંધશ્રદ્ધા પણ જોવા મળે છે. એકરીતે જોતાં અંધશ્રદ્ધા જેટલી દૂર તેટલું માનવ વિકાસ માટે સારું પાસું ગણાય. આમછતાં આ અંધશ્રદ્ધા ક્યારેક મૂલ્યોને જોતરવામાં ઉપયોગી થઇ પડે છે, અંધશ્રદ્ધા માનવીમાં ક્યારેક ઉત્સાહનું ભાથું પૂરું પાડે છે. માટે જ કહી શકાય કે અમુક પ્રકારની અંધશ્રદ્ધાનો સ્વીકાર કરવાથી સંસ્કારનું સિંચન થતું હોય કે લોકો તેમાંથી આંતરિક આનંદ મેળવતા હોય તો તેનો પણ સ્વીકાર કરવામાં વાંધો શું છે? આપણા તહેવારોમાં માત્ર અંધશ્રદ્ધા જ નથી વિજ્ઞાન પણ છે. તહેવારો આનંદ અને ઉલ્લાસ દ્વારા સંસ્કૃતિને જીવતી રાખવા માટેનું પરિબળ છે. આવા આપણા તહેવારો વખતે વાલી જો યોગ્ય ભૂમિકા ભજવે તો સોનામાં સુગંધ ભળે.

તહેવારોમાં વાલીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની ગણી શકાય. કારણકે તહેવારો ઉજવવા માટે શાળા-કોલેજોમાં જાહેર રજા રાખવામાં આવે છે, ત્યારે બાળક વાલીની સાથે હોય છે. આમજોતાં વાલીની જવાબદારી મહત્ત્વની ગણાય. તહેવારો દરમિયાન વાલીએ પોતાના બાળક સાથે બેસી જે તે તહેવાર વિશે વિવિધ ચર્ચાઓ કરવી જોઇએ. જેમકે તે તહેવાર કેવી રીતે ઉજવવામાં આવે છે? વર્ષો પહેલાં આ તહેવાર કેવી રીતે ઉજવવામાં આવતો હતો? આજે તેમાં કયા પરિવર્તનો આવ્યાં છે? પરિવર્તનો આવવા પાછળના કારણો કયાં છે? આ તહેવાર ઉજવવા પાછળના મુખ્ય હેતુ કયા છે? આ ચર્ચા દરમિયાન માત્ર માહિતી જ ન આપતાં બાળકને કેટલાંક પ્રશ્નો પણ પૂછો,ચર્ચા કરો. તહેવારને લગતું એકાદ પુસ્તક બજારમાંથી ખરીદીને પોતાના કે સગાંના બાળકને ભેટ આપો. સાચા અર્થમાં તહેવારની ઉજવણી કરો. બાળક આંખ-કાન ખુલ્લા રાખીને તહેવારને જૂએ અને માણે તેવા વાતાવરણનું સર્જન કરો અને પ્રેરણા આપો. ઘર બહાર નીકળો, અન્ય લોકો તહેવારને કેવી રીતે ઉજવે છે તેનો પણ અનુભવ થવા દો. ચોક્કસ તહેવારો મુજબ ઘર બહાર ચોક્કસ સ્થળોની મુલાકત પણ ખાસ લેવી જોઇએ. કોઇ વાલી એમ પણ કહી શકે કે, તહેવાર તો દર વર્ષે આવવાના. બાળકની સાથે એકવાર તહેવાર વિષયક ચર્ચા કરી લીધી હોય પછી ઓછી દર વર્ષે આવી ચર્ચા કરવાની હોય? ત્યારે કહેવાનું મન થાય કે બાળક જ્યાં સુધી બાળક હોય ત્યાં સુધી જેટલી વાર, જેટલી વધુ ચર્ચા કરશો તેટલીવાર બાળકને તો ગમશે જ. બાળકની નાની-કાચી ઉંમરનો ફાયદો ઊઠાવો. આ ઉંમર એક એવી ઉંમર છે કે તમે જેવા સંસ્કારના બીજ વાવશો તેવું લણવા મળશે. આ બાળક મોટું થયા પછી કદાચ તમારી વાતમાં ઊંડો રસ ન પણ લે. માટે જ બાળક જ્યાં સુધી બાળક છે ત્યાં સુધી વર્ષ ન ગણતાં તેની સાથે વિવિધ ચર્ચા કરો. પણ દુઃખની વાત એ છે કે આજે મોટા ભાગના વાલીને પોતાના બાળક સાથે બેસવાનો સમય જ ક્યાં છે? આજે જે વાલીને પોતાના બાળક સાથે બેસીને વાત કરવાનો સમય નથી, તે બાળકને ભવિષ્યમાં તેના વાલી સાથે બેસીને વાત કરવાનો સમય નહીં જ હોય. આજનો વાલી સરકારી કચેરીમાં તહેવારની રજા લેવા જેટલો ઉત્સાહ બતાવે છે, તેટલો ઉત્સાહ તહેવારની ઉજવણીમાં બતાવતો નથી. હા.... કેટલાક વાલી અપવાદ છે. આવા અપવાદી વાલીને કારણે જ સમાજ-

સંસ્કૃતિ ટકી રહ્યાં છે અને દરેક વાલીને તહેવારની રજા મળે છે! તહેવારની રજાને પોતાના મૂડમાં ફેરવીને અન્ય રીતે સમય પસાર કરતા વાલીની સંખ્યા ઓછી નથી. આવા વાલી બારણાં બંધ રાખીને પિક્ચર જોવાનું વધુ પસંદ કરતાં હોય છે. ત્યારે વાલીમિત્રોનું ધ્યાન દોરવાનું થાય કે, મિત્રો, તહેવારો દરરોજ ન હોય, જ્યારે હોય ત્યારે મુક્ત મને તહેવારમય બની જાઓ. પિક્ચર તો આજે નહીં તો કાલે પણ જોઇ શકાશે. તહેવારો માત્ર બાળકો માટે જ નથી, તહેવાર એ બાળક-યુવાન કે વડિલો સૌને માટે છે. મમ્મી પપ્પાની સામેલગીરીથી ઉજવાતા તહેવારનો આનંદ બાળકો વધુ પ્રમાણમાં લૂંટતા હોય છે. તમે જાતે જ આ બાબતની ખાતરી અને ચકાસણી કરજો. પછી વિચારજો કે તહેવારો વખતે બાળકોને છૂટા મૂકીને પોતે ઘરમાં બેસીને પિક્ચર જોઇને સમય પસાર કરવો તે કેટલા અંશે યોગ્ય છે?

અત્યારે દિવાળી વેકેશન આવશે. વેકેશનની શરૂઆતમાં જ આવતાં વિવિધ તહેવારો જેમકે ધનતેરશ, કાળીચૌદસ, દિવાળી, બેસતુંવર્ષ, ભાઇબીજ, લાભપાંચમ વગેરે. આ દિવસોનું આપણા સમાજ અને સંસ્કૃતિમાં શું મહત્ત્વ છે, શા માટે તે દિવસોને ઉજવીએ છીએ વગેરેની વાત પોતાના બાળકો સાથે કરો. તમે તમારા બાળક સાથે આવી ચર્ચા કરશો તો તેઓ તેમના બાળકો સાથે આવી ચર્ચા હોંશેહોંશે કરશે. તો જ સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન થશે. ઉપરોક્ત તહેવારોમાં નવાવર્ષમાં આપણે સૌ આપણાં સગાંસંબંધીને નવાવર્ષની શુભેચ્છા પાઠવવા એકબીજાના ઘેર જઈએ છીએ. ત્યારે ઘણીવાર એવું જોવા મળે છે કે, કેટલાક વાલી બાળકને ઘેર મૂકીને એકલા જ જાય છે. ખરેખર બાળકને લઇને જ જવું જોઇએ. આજે સમાજમાં સાંભળવા મળે છે કે, નવી પેઢીમાં સંસ્કૃતિ-મૂલ્યોનું પ્રમાણ ઘટતું જાય છે, તેઓમાં સામાજિકપણું ખૂબ જ ઓછું જોવા મળે છે, વગેરે. તો આવી ફરિયાદો થવાપાછળનું કારણ બાળકને ઘેર મૂકીને વાલીનું એકલા બહાર નીકળવું ગણી શકાય. હકીકતમાં દીવાળી વેકેશનનો સામાજિક રીતે ભરપૂર ફાયદો દરેક વાલીએ ઉઠાવવો જોઇએ. બેસતાવર્ષના દિવસે અને પછીના દિવસોમાં ઇરાદાપૂર્વક સંબંધીને ત્યાં જાવ, તેમને બોલાવો. બાળકોને સાથે રાખો. તો તમારા બાળકો તમારા સગાંને ઓળખશે, તેમને માન આપશે. આમ કરશો તો જ તમારું બાળક સામાજિક બનશે. બાળકને સામાજિક બનાવવા માત્ર શબ્દો કામ નહીં લાગે, નમૂનાઓ પૂરા પાડવા પડશે. આજે ઘણાં બાળકો એવાં હશે કે જે તેના મમ્મી કે પપ્પાના કાકા-કાકી, માસા-માસી,મામા-મામી, ફોઇ-ફૂવા વગેરેને ઓળખતા નહીં હોય. અરે ઘણીવાર તો ઘરમાં કોઇ સગાં આવે એટલે વાલી તેમને બીજા રૂમમાં મોકલી દે છે. અહીં જ બાળકની સામાજિકતાની હત્યા થાય છે. પરિણામે ભવિષ્યમાં પણ તે સગાં કે અન્ય સગાં ઘરમાં આવે ત્યારે બાળક આપમેળે અન્ય રૂમમાં પૂરાઇ જશે, અથવા તો દ્વારવાજેથી જ કહી દેશે કે પપ્પા ઘરમાં નથી. વગેરે. ટૂંકમાં દિવાળીના તહેવારો અને વેકેશનમાં બાળકને સામાજિક બનાવવા માટે વિવિધ પ્રયત્નો દરેક વાલીએ કરવા જોઇએ. આમ નહીં કરો તો તમારા જ સગાં તમારા બાળક વિશે ખરાબ અભિપ્રાય આપતા સહેજ પણ સંકોચ નહીં રાખે. જેવું વાવશો તેવું લણશો. તેને ધ્યાનમાં રાખીને બાળકોનો ઉછેર કરવો જોઇએ, સંસ્કારનું સિંચન કરવું જોઇએ. અંતે વાલી ઉપરોક્ત બાબતો અંગે વિચારે અને આવતી કાલના સમાજના ઘડતર અને ચણતરમાં પોતાનો ફાળો આપે તેવી અપેક્ષા સાથે નવાવર્ષની શુભેચ્છાઓ.